## નવા પ્રોજેક્ટો વિના જ બારડોલી પાલિકાનું બજેટ મંજૂર

**ગત** વર્ષ કરતાં અંદાજપત્રમાં 14.26 કરોડ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો

**કોઈ** મોટા પ્રોજેક્ટ વગરના અંદાજપત્રને કારણે શહેરના વિકાસ સામે પ્રશ્નો

**હંમેશની** માફક ચર્ચા કર્યા વિના જ માત્ર પાંચ મિનિટમાં બજેટ સહિતના આઠ એજન્ડા સર્વાનુમતે મંજૂર



બારડોલી: બારડોલી નગરપાલિકાની સમસ્યા સભામાં અત્યાર સુધીનું તદ્દન નીરસ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. ગત વર્ષ કરતાં અંદાજપત્રમાં 14.26 કરોડ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેમજ કોઈ મોટા પ્રોજેક્ટનો પણ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

બારડોલી નગરપાલિકાની ખાસ સામાન્ય સભા શુક્રવારના રોજ બારડોલી નગરપાલિકાના સભાખંડમાં નગરપાલિકા પ્રમુખ ધર્મેશ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. શરૂઆતમાં દેશના વડાપ્રધાન મનમોહનસિંહ, બારડોલી નગરપાલિકાના નગરસેવક આરીફ પટેલ અને કુંભ મેળામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

ત્યારબાદ વર્ષ 2025-26નું અંદાજપત્ર સહિત અન્ય આઠ એજન્ડાનાં કામોની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ હંમેશની માફક ચર્ચા કર્યા વિના જ માત્ર પાંચ મિનિટમાં બજેટ સહિતના આઠ એજન્ડા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. 2025-26ના અંદાજપત્રમાં આવક બાજુ 30 કરોડની ઊઘડતી સિલક, સ્વભંડોળ અને મહેસૂલી ગ્રાન્ટની આવક 23.19 કરોડ, યોજનાકીય આવક 44.40 કરોડની સામે જાવક બાજુ સ્વ-ભંડોળનો ખર્ચ 19.10 કરોડ, યોજનાકીય ખર્ચ 76.58 કરોડ અને 1.91 કરોડની પુરાંત બાકી રહે છે. આમ, કુલ 97.59 કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટ ગત વર્ષે રજૂ થયેલા 111.85 કરોડના બજેટ કરતાં ઓછું છે. ગત વર્ષના બજેટ કરતાં આ વખતના બજેટમાં 14.26 કરોડ રૂપિયા ઓછા આવ્યા છે.

સાથે જ કોઈ મહત્ત્વના પ્રોજેક્ટ પણ મૂકવામાં આવ્યા નથી. એવો અંદાજ હતો કે, વર્તમાન શાસકોનું છેલ્લું અંદાજપત્ર હોવાથી નગરના કોઈ મોટા અને લોકોપયોગી પ્રોજેક્ટ કે કામોનો બજેટમાં સમાવેશ કરવામાં આવશે તેવી આશા હતી. પરંતુ આજના બજેટમાં લોકોની આશા પર પાણી ફરી વળ્યું હતું.

### મીંઢોળા નદીને પેલે પાર લાગુ પડતા નંબરોમાં સુધારા કરવા ઠરાવ કરવામાં આવ્યો

સરકારમાંથી આવેલા પરિપત્રમાં ટી.પી.સ્કીમ-3માં મીંઢોળા નદીને પેલે પાર લાગુ પડતા નંબરોમાં સુધારા કરવાનું જણાવવામાં આવતાં શુક્રવારની બેઠકમાં તે અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં અગાઉ ટી.પી. સ્કીમ નં.3માં નદી કિનારેના ફાઇનલ પ્લોટને રહેણાક વિસ્તારમાં મૂકવામાં આવ્યા હતા તેમાં સુધારો કરવામાં આવ્યો છે. બારડોલી શહેરી વિકાસ સત્તામંડળમાં આ પ્લોટને રી-ક્રિએશનમાં મૂકવામાં આવ્યા હોવાથી ટી.પી. સ્કીમ-3માં સુધારો કરી તેમાં આ પ્લોટ રી-ક્રિએશનમાં મૂકવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને અહીં રિવરફ્રન્ટને ડેવલપ કરવા માટેની ચર્ચા થઈ હતી.

### ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.4ના રસ્તા બાબતે ચર્ચા

બારડોલીના શિવાજી ચોકથી સીધો ધામડોદ સુધીના ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.4ના રસ્તા બાબતે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં આ શિવાજી ચોકથી સીધો જ બારડોલીની સીમા સુધીનો રસ્તો જે હાલ 12 મીટરનો છે તેને 24 મીટરનો કરવાનું નક્કી થયું હતું. જો કે, હાલ ત્યાં કોઈ રસ્તો નથી. આ રસ્તો બને તો શહેરીજનોને મોટો લાભ થઈ શકે એમ છે.

### નીચેનાં કામો મંજૂર થયાં

» ટીપી સ્કીમ-3માં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ
» શાસ્ત્રી રોડ પર ચન્દ્રમણી માર્કેટની પાછળનો પ્લોટ ડેવલપ કરવો
» ટીપી સ્કીમ-4માં બગીચા બનાવવા
» ટીપી સ્કીમ-3માં રોડ નેટવર્કનો વિકાસ
» ટીપી સ્કીમ-5માં રોડ નેટવર્ક અને યુટિલિટી ડેવલપમેન્ટ



## ભરૂચ નગરપાલિકા સભામાં મૃતક કર્મચારીના પરિવારને સહાય અને રોજગારી મુદ્દે તનાતની

**સત્તા** પક્ષે ચર્ચાથી દૂર ભાગવા રાષ્ટ્રગીત ચાલુ કર્યાનો આક્ષેપ

**પંડિત** ઓમકારનાથ હોલના પુન: નિર્માણની દરખાસ્ત રજૂ કરી 33 કામ મંજૂર કરાયાં

ભરૂચ: ભરૂચ નગરપાલિકાની બજેટ પહેલાની સામાન્ય સભા પ્રમુખ વિભૂતિબા યાદવના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સભાના પ્રારંભે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ, મહાકુંભમાં મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓ અને પાલિકાના કર્મચારી સ્વ. શંભુ વસાવાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ સભા દરમિયાન વિપક્ષના નેતા સમસાદ અલી સૈયદે ટ્રાફિક સર્કલ, રોડ અને ડમ્પિંગ સાઈટના મુદ્દે શાસક પક્ષને ઘેર્યો હતો. કારોબારી ચેરમેન હેમેન્દ્ર પ્રજાપતિએ વિપક્ષના વિસ્તારોમાં રોડ અને સ્ટ્રીટ લાઈટનાં કામો કરવાની ખાતરી આપી વાતાવરણ શાંત કર્યું હતું. આ સભાના અંતે મૃતક કર્મચારી શંભુ વસાવાના પરિવારને આર્થિક સહાય અને રહેમરાહે નોકરીના મુદ્દે વિપક્ષના હેમેન્દ્ર કોઠીવાલાએ પ્રશ્ન ઉઠાવતાં વાતાવરણ ગજવ્યું હતું. શાસક પક્ષે રાષ્ટ્રગીત વગાડી સભા પૂર્ણ કરી દેતાં શાસક પક્ષના નેતા ગણેશ કાયસ્થ અને કોઠીવાલા વચ્ચે ઘર્ષણવાળું વાતાવરણ સર્જાયું હતું. આ બબાલ અન્ય કોર્પોરેટરોએ દરમિયાનગીરીથી શાંત પડી હતી. જો કે, પાલિકા પ્રમુખ વિભૂતિબા દવેએ શહેરના વિકાસ માટેનાં 33 કામને મંજૂરી આપી હતી અને પંડિત ઓમકારનાથ હોલના પુન: નિર્માણની દરખાસ્ત રજૂ કરી હતી. તેમણે મૃતક કર્મચારીના પરિવારને સહાય કરવાની ખાતરી આપી વિપક્ષના આક્ષેપોને ફગાવી દીધા હતા.

## માંડવીની કરંજ GIDCમાં મધરાતે ભીષણ આગ લાગતાં અફરાતફરી

**આઠ** ફાયર બ્રિગેડ ટીમે ત્રણ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લીધી



માંડવી: માંડવીના કરંજ ગામે જીઆઈડીસીમાં સોલાર પ્લાન્ટ કંપનીમાં મધરાતે ભીષણ આગ લાગી હતી. અને ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર સુરતને જાણ કરતાં આઠ જેટલી ફાયર ટીમે સ્થળ પર પહોંચી ત્રણ કલાક સુધી પાણીનો છંટકાવ કરતાં આગ કાબૂમાં લીધી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવી-કીમ રોડ પર આવેલા કરંજ ગામે GIDC વિસ્તારમાં આવેલી રાયઝોન સોલાર પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં મધરાતે ભીષણ આગ લાગતાં અફરાતફરી મચી હતી. મોડી રાત્રે સુરત ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરને આ આગ અંગેની જાણ કરતાં તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આ રિજનલ ફાયર ઓફિસર અભિજીત ગઢવીના જણાવ્યા અનુસાર આ આગની ગંભીરતાને ધ્યાને રાખતાં સુમિલોન, રિજનલની ત્રણ ટીમ અને સુરત મહાનગરપાલિકાની ચાર ટીમ સહિત કુલ આઠ જેટલી ઘટના સ્થળે પહોંચી હતી. આ તમામ ફાયર બ્રિગેડની ટીમે ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવતાં ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. સોલાર કંપનીના માલિક દેવચંદભાઈ નાકરાણીને ભારે નુકસાન થયું હતું. જેનો આંકડો જાણી શકાયો નથી. પરંતુ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ આગ લાગવાનાં કારણો વિશે ફાયર વિભાગના અધિકારી તપાસ કરી રહ્યા છે. માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ જે.જી.મોડ, પોસઈ વિજય ચોસલા તથા પોલીસ કાફલો સ્થળ આવી પહોંચ્યો હતો.





ઈબ્રાહીમ કાનુ

## કોસંબા ઓવરબ્રિજ નજીક ત્રિપલ અકસ્માત, પાંચને સામાન્ય ઈજા

**હોન્ડા** કારે ટેમ્પોને ટક્કર મારી ને ટેમ્પો અન્ય કાર સાથે અથડાઈને પલટી ગયો

હથોડા: કોસંબા નજીકના છેડા પર સાંજે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં હોન્ડા કારે ટેમ્પાને ટક્કર મારી હતી. જ્યારે ટેમ્પો ઈકો કાર સાથે અથડાઈને પલટી ગયો હતો. આમ એક પછી એક ત્રણ વાહન અથડાયાં હતાં.

અકસ્માતની ગંભીરતા એટલી હતી કે, ત્રણેય વાહન સામેની દિશામાં આવેલા રોડ તરફ ડિવાઈડર કૂદીને ફંગોળાયા હતા. સુરત તરફ જતાં આ વાહનો ડિવાઈડર પરથી પલટી ખાઈને અમદાવાદ તરફના માર્ગ પર પડ્યા હતા. અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોને ઈજા પહોંચી હતી. જેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ કોસંબા પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતને કારણે હાઈવે પર ટ્રાફિક જામનો પ્રશ્ન સર્જાયો હતો. છેલ્લા કેટલાક વખતથી આ હાઈવે પર અકસ્માતની ઘટનાઓમાં વધારો થયો છે. જેના કારણે સ્થાનિક જનતામાં તેમજ હાઈવે પરથી પસાર થતાં વાહનચાલકો ભારે દહેશત અનુભવી રહ્યા છે.

## બારડોલી નગરપાલિકામાં સમાવવા સામે ધામડોદ લુંભા ગ્રામજનોનો વિરોધ

**ગ્રામ** પંચાયતે વિરોધનો ઠરાવ પસાર કરી નગરપાલિકાને લેખિતમાં જાણ કરી

બારડોલી: બારડોલીના ધામડોદ લુંભા ગ્રામ પંચાયતની ગ્રામસભામાં નગરપાલિકામાં સમાવવા સામે વિરોધ દર્શાવવામાં આવ્યો છે. ગ્રામ પંચાયતે વિરોધનો ઠરાવ પસાર કરી નગરપાલિકાને પણ લેખિતમાં જાણ કરવામાં આવી છે. બીજી તરફ અન્ય ગ્રામ પંચાયતો પણ આ રીતે પોતાનો વિરોધ દર્શાવે તેવી શક્યતાઓ છે.

બારડોલી નગરપાલિકાના વિકાસને ધ્યાને લઈને આસપાસના 8 જેટલાં ગામોને નગરપાલિકામાં ભેળવવા બાબતે બારડોલી નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કર્યો હતો. આ અંગે બારડોલી નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા પત્ર લખી સંમત કે અસમંત અંગેનો ઠરવાની માંગણી કરી હતી. જે અનુસંધાને ધામડોદ-લુંભા ગ્રામ પંચાયત દ્વારા 26મી જાન્યુઆરીના રોજ મળેલી ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ કરી અસંમતિ દર્શાવી છે, જેમાં દર્શાવેલાં કારણોમાં ગામનો ભૌગોલિક વિસ્તાર 75 ટકા ખેતીવાડી, ઉપરાંત ગામમાં આદિવાસીઓની વસતી વધુ હોય વેરો વધી જવાથી આર્થિક ભારણ આવવું, તેમજ ગ્રામ પંચાયત દ્વારા જ તમામ પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય નગરપાલિકામાં સમાવવા સામે વિરોધ દર્શાવ્યો છે. અને બારડોલી નગરપાલિકા ચીફ ઓફિસરને આ પત્ર મોકલી આપ્યો છે. જો કે, આ મામલે હજી અન્ય ગામોએ કોઈ નિર્ણય લીધો ન હોવાનું જાણવા મળે છે. મોટા ભાગનાં ગામો નગરપાલિકામાં સમાવવા સામે પોતાનો વિરોધ દર્શાવે તેવી સંભાવના છે.

બીજી તરફ રાજ્યની અન્ય નગરપાલિકાઓમાં ગામડાંને સમાવવામાં આવી રહ્યાં હોવાથી સરકાર દ્વારા બારડોલી માટે શું નિર્ણય લેવામાં આવે છે તે જોવું રહ્યું.

### નેત્રંગના અસનાવીમાં ડીઝલ ચોરીનો પર્દાફાશ, ૧.૪૧ લાખનો મુદ્દામાલ કબજે



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: ભરૂચ એસઓજી પીઆઈ એ.એ.ચૌધરી અને એ.એચ.છૈયા નેત્રંગ તાલુકામાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન અસનાવી ગામના પાદરે રહેતો હરેશ વસાવા ડીઝલનો જથ્થો સંગ્રહ કરી વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે રેડ કરી શંકાસ્પદ ૧૫૨૦ લીટર ડીઝલનો જથ્થો ઝડપી હરેશની અટકાયત કરી હતી. આ સાથેરૂ.૧.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જે ટ્રકચાલકોના મેળાપીપણામાં જથ્થો લેતો હતો.

## વતન જવા બસની રાહ જોતી ઝાબુઆની મહિલાએ રસ્તા પર જ બાળકને જન્મ આપ્યો

**કીમ** ચાર રસ્તા ખાતે રાત્રે 11 વાગ્યે પ્રસૂતાને પીડા ઉપડી હતી

**પાલોદ** પોલીસને જાણ થતાં મહિલાને રિક્ષામાં બેસાડી હોસ્પિટલ ખસેડી





ઈબ્રાહીમ કાનુ

હથોડા: કીમ ચાર રસ્તા ખાતે વતન ઝાબુઆ જવા બસની રાહ જોતી શ્રમજીવી મહિલાને પ્રસૂતિની પીડા ઉપડી હતી અને રોડ ઉપર જ ડિલિવરી થઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ઝાબુઆની 20 વર્ષની પરિણીતા રમીલાબેન દીપકભાઈ ગણાવા પ્રેગનેન્ટ હતી અને તેને છેલ્લા દિવસો જતા હતા. જે પોતાના વતન જવા માટે રાત્રે 11 વાગે કીમ ચાર રસ્તા ખાતે અન્ય એક મહિલા સાથે કીમ ચાર રસ્તા ખાતે આવી હતી. તે ઝાબુઆ જવા માટે બસની રાહ જોતી હતી. ત્યારે તેને અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. ઘોર અંધારામાં તો તે ગભરાઈ ગઈ હતી પરંતુ તેની સાથે એક મહિલા હાજર હોવાથી તેણે હિંમત આપી હતી. દરમિયાન રોડ ઉપર જ સૂઈ જઈ કુદરતી રીતે તેણે તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો હતો. રોડ પર જ ડિલિવરી થવા બાબતે નજીકમાં આવેલી પાલોદ પોલીસને જાણ થતાં પાલોદ પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે ધસી જઈ મહિલાને રિક્ષામાં બેસાડી નજીકની ખાનગી આસ્થા હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં તેની સારવાર કરવામાં આવી હતી.

## સોનગઢ પાલિકા અને તા.પં.ની પેટા ચૂંટણીના ભાજપના ઉમેદવારોનાં નામો જાહેર

**ફેબ્રુઆરીમાં** સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય, મધ્ય સત્ર તેમજ પેટા ચૂંટણી યોજાશે

વ્યારા: ફેબ્રુઆરી-૨૦૨૫માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય, મધ્યસત્ર તેમજ પેટા ચૂંટણી સંદર્ભે પ્રદેશ ચૂંટણી સમિતિની બેઠકમાં તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકા સહિત તાલુકા પંચાયતમાં ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીના ભાજપનાં ઉમેદવારોનાં નામો જાહેર કરાયાં હતાં, જેમાં સોનગઢ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે વોર્ડ નં.૧માં શિવાની રાણા, ગીતા ગામીત, વિજય વસાવા, હેતલ મહેતા, વોર્ડ નં.૨માં કમલ પવાર, સંગીતા પાટીલ, રણછોડ ગામીત, યોગેશ મરાઠે, વોર્ડ નં.૩માં જ્યોતિ પવાર, સારીકા પાટીલ, પ્રકાશ ગામીત, ભીમરાવ પાટીલ, વોર્ડ નં.૪માં ફાલ્ગુની કોંકણી, અનિતા અગ્રવાલ, કિશોર ચૌધરી, આશિષ શાહ, વોર્ડ નં.૫માં ભાવના ગામીત, હેતલ દવે, પ્રકાશ માળી, સ્વપ્નિલ પાટીલ, વોર્ડ નં.૬માં રૂકસાનાબી મન્સુરી, મીરા ગીરાસે, મોસીમ કુરેશી, મોબીન અન્સારી, વોર્ડ નં.૭માં પવિત્રા ગામીત, રૂપાલી પાટીલ, અજય ભરવાડ, રાજેન્દ્ર ભાવસાર, જ્યારે તાલુકા પંચાયત પેટા ચૂંટણીઓમાં કુકરમુંડામાં ૭-ફૂલવાડી-૨ બેઠકમાં અલ્કા પાડવી, નિઝરના ૧૧-સરવાળામાં દિલીપ કોળી, ૧૩-શાલે-૨માં નિર્મલા પાડવીનાં નામો જાહેર કરાયાં છે.

### કુકરમુંડા-નિઝર તા.પં. પેટા ચૂંટણીનાં ૭ ફોર્મ ભરાયાં

વ્યારા: કુકરમુંડા તાલુકા પંચાયત પેટા ચૂંટણીમાં ૭-ફૂલવાડી ૨ (અ.આ.સ્ત્રી બેઠક)માં અલ્કાબેન પાડવી (કુકરમુંડા), ભારતીબેન પાડવી (કંડ્રોજ), જ્યારે નિઝર તાલુકા પંચાયત પેટા ચૂંટણીમાં ૧૩-શાલેમાં ૨ (અ.આ.સ્ત્રી બેઠક)માં નિર્મલાબેન પાડવી (તાપી ખડકાલા), લક્ષ્મીબેન વળવી (વડલી), વંદનાબેન વસાવા (તાપી ખડકાલા), ૧૧-સરવાળા(સા.શૈ.પછાત બેઠક)માં દિલીપભાઇ શીંદે (ચિંચોદા), ભરતભાઇ શીંદે (ચિંચોદા)એ પોતાના ઉમેદવારી ફોર્મ જે-તે મામલતદાર કચેરીએ ભર્યાં હતાં.

### ટી.એચ.આર. વાનગીની સ્પર્ધા યોજાઇ



ભરૂચ: ICDS મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પોષણ ઉત્સવ ૨૦૨૪ અંર્તગત ટેક હોમ રાશન અને મિલેટસ-અન્નમાંથી બનતી વિવિધ પોષ્ટિક વાનગીની જિલ્લા કક્ષાની સ્પર્ધા ડો.બાબા સાહેબ આંબેડકર ભવન કણબીવગા ભરૂચ ખાતે યોજાઈ હતી. ટેમ હોમ રાશન (ટી.એચ.આર.) તથા શ્રી અન્ન-મિલેટ્સની મળીને 24 જેટલી વાનગીઓ પ્રદર્શિત કરાઈ હતી. જેમાં ટી.એચ.આર. વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમે કપિલાબેન વાળંદ, બીજા ક્રમે સર્જનાબેન વસાવા તથા ત્રીજા ક્રમે ગાયત્રીબેન પટેલ રહ્યા હતા. જ્યારે મિલેટ્સની વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પન્નાબેન સોલંકી, બીજા ક્રમે શબાના બશેરી તથા ત્રીજા ક્રમે દીપિકા પરમાર રહ્યા હતા.

## અંકલેશ્વર હાઈવે પર ટ્રક-ટેન્કર વચ્ચે અકસ્માતમાં ચાલકનું મોત

**ટેન્કરમાંથી** એસિડ લીકેજ થતાં અફરાતફરી, અકસ્માતને પગલે ટ્રાફિકજામ



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.૪૮ પર વહેલી સવારે અંકલેશ્વર અને પાનોલી વચ્ચે આવેલા આમલાખાડી ઓવરબ્રિજ નજીક ટ્રક અને કેમિકલ ભરેલા ટેન્કર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટેન્કરચાલકે જીવ ગુમાવ્યો હતો.

અકસ્માત બાદ ટેન્કરમાંથી એસિડ લીક થતાં વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જ્વલનશીલ એસિડ સમગ્ર માર્ગ ઉપર ફેલાઈ જતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને એસિડ લીકેજને કાબૂમાં લેવા માટેની કામગીરી શરૂ કરી હતી. આ અકસ્માતને પગલે નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. જેથી પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. પોલીસે આ ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી હતી.

### નિઝરના રાયગઢથી મહિલા ગુમ



વ્યારા: નિઝરના રાયગઢ ગામે નિશાળ ફળિયામાં રહેતા ભૂપેન્દ્રભાઈ સુરતીયાભાઈ પાડવી (ઉં.વ.૪૨) ની પત્ની સપનાબેન (ઉં.વ.૪૨) પોતાના ઘરેથી તા. ૩૧/૧૨/૨૦૨૪ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાથી તા.૧/૧/૨૦૨૫ના રોજ મળસકે ૫ દરમિયાન કોઈને કોઈપણ જાતની જાણ કર્યા વગર ક્યાંક ચાલી જઈ ગુમ થઈ ગઈ હતી.

## અંકલેશ્વરની મંગલદીપ સોસા.માં ચોરીનો ભેદ ઉકેલાયો

**ભરૂચ** એલસીબી પોલીસે સીકલીગર ગેંગના વધુ બે રીઢા ચોરને દબોચી લીધા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી મંગલદીપ સોસાયટીમાં આઠ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો હતો. આ બનાવમાં વધુ બે આરોપી ઝડપાયા હતા.

ભરૂચ એલ.સી.બી. પોલીસની ટીમને બાતમી મળી હતી કે, 'અંકલેશ્વર જીઆઈડીસીની મંગલદીપ સોસાયટીમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં સીકલીગર ગેંગના સતવંતસીંગ ઉર્ફે સંતુ ટાંકની સંડોવણી હોવાની શક્યતા છે, તે સંતુ હાલ તેના રહેણાક પાસેના ખુલ્લા મેદાનમાં આંટાફેરા મારે છે.' આ બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં તેણે તથા તેના સાળા સોનુસિંગ અંધેતીએ આ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી અને ચોરીનો સામાન પોતાના સસરા અજીતસીંગ અંધેતીને વેચવા આપ્યો હતો. ગત તા.2/12/2024 તથા તા.3/12/2024ની રાત્રિ દરમિયાન અંકલેશ્વરના મીરાનગર પાસેની મંગલદીપ સોસાયટીના મકાન નં.70માં રૂ.8,33,000ની મત્તાની ચોરી થઇ હતી. જે અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસે આ ગુનામાં વોન્ટેડ સાળા સોનુસિંગ અને સસરા અજીતસીંગને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા રીઢા આરોપીઓ વિરુદ્ધ ભૂતકાળમાં અમદાવાદ, વડોદરા, ભરૂચ, અરવલ્લી સહિત જિલ્લાઓનાં વિવિધ પોલીસમથકોમાં 26 જેટલી ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.


Milano MULTIPLEX
બારડોલી
Deva
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Faati Ne - Gujarati
06:00pm,
Umbarro – Gujarati
02:00pm, 09:30pm
Sky Force
11:00am, 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333